

# સાધુ હૃદયની
## પ્રાર્થનાગંગા



### પ્રારંભ શુભ થયો

પૂર્વના સંબંધનો સરવાળો થયો
દેહભાવ અને 'સ્વ' સહિતનું જીવન મળ્યું
શાસ્ત્રીજી મહારાજે કંઠી બાંધી સ્વીકાર કર્યો
સમજ આવતાં યોગીબાપા મળ્યા
પ્રેમમાં ઝબોળી પોતાનો કર્યો
સાધના માર્ગે સ્વીકારવા અનુગ્રહિત કર્યો
કેવળ કૃપા કરી સાહેબજી આપ્યા
અત્યંત કૃપા કરી સાહેબજી-યોગીજી એકરૂપ મનાવ્યા
સાહેબજીમાં પૂર્ણ સમર્પણના સંકલ્પ થતા રહ્યા
પ્રાર્થના ભજનના બળે 'સ્વ'નાં દર્શન થતાં ગયાં
'હું' ટળે હરિ ઢૂંકડા... તે ટળાય દાસે રે...
મુક્તાનંદ સ્વામીજીની આ કીર્તનપંક્તિ
યોગીબાપાના બ્રહ્મનાદે અંતરે ગુંજતી રહી
દાસત્વભાવ દૃઢ કરવાના સંકલ્પ દૃઢ થતા જ ગયા
સાહેબજી શ્રીજી સ્વામીનું પ્રત્યક્ષ સ્વરૂપ
તેઓના દાસ બની જ જવું...
સાહેબજી પ્રત્યક્ષ સ્વરૂપ...
તો તેના સંબંધી... સંબંધે બ્રહ્મરૂપ
તે માહાત્મ્યનો સાક્ષાત્કાર કરી જ લેવો
પ્રભુના બળે તે કરવું જ... કરવું.
સતત તે અનુસંધાનનું જીવન બન્યું
વિચારમાં પણ તે સતત સાથે રાખવું
તે સંકલ્પ દૃઢ થયો...
સાહેબજીના મહિમાના વિચારે લીન થવાયું
સ્મૃતિમાં ને સદેહે દર્શન થતાં રોમેરોમે હર્ષ છલકે
સંબંધવાળા મુક્તોનાં દર્શન વંદન થઈ જાય
તેઓ સર્વના ગુણના વિચારે લીન થવાય
સાહેબજીનો બ્રહ્મનાદ સંભળાય ત્યાં ભાવવિભોરતા
મુક્તો સાથે ચર્ચા કરતાં દાસત્વનું જાણપણું
ભજન કીર્તનના શબ્દો...
જો મૂર્તિનું ભજન હોય તો તંત્ર મૂર્તિમાં લીન
શબ્દો જો પ્રાર્થનાના હોય તો પ્રાર્થના-અભીપ્સા
શબ્દો જો ઉપદેશના હોય તો તે સ્વીકારવા ઝંખના
તે શબ્દોને જીવનમાં ઉતારવા પ્રભુબળની માંગણી
કોઈ મુક્ત કામ ચીંધે તો મન બુદ્ધિ સ્વીકારે તે તત્પરતા
તે કરવામાં દેહ આડો ન આવે... તે જાણપણું
સાહેબજી સદેહે બોલાવે... કે ફોન પર બોલાવે
બ્રહ્મનાદ સાંભળતાં અહોભાવ છલકે
આંખે અશ્રુ વહે... થાય કે
મને સાકાર બ્રહ્મનું સ્વરૂપ બોલાવે છે
જેનાં દર્શન કરું છું તે બ્રહ્મસ્વરૂપ
તે વિચારમાં આવતાં જ માહાત્મ્યસભરતા ભીંજવી દે
તેઓના ચરણે સમગ્ર ઝૂકી જાય
મન બુદ્ધિ ચિત્ત મૂર્તિમાં એકાકાર થઈ જાય,
અંતરે સહજાનંદ પ્રગટી જાય.
શરૂઆત મર્યાદિત સમય પૂરતી આ અનુભૂતિ
સમય જતાં સહજાવસ્થામાં સતત અનુભવાઈ
સર્વત્ર-સર્વમાં કેવળ મારો પ્રભુ
તે વિચારે આનંદ... સહજાનંદ સભરતા !
હે દયાળુ પ્રભુ ! હે બાપા ! હે સાહેબજી !
આપનાં અનુગ્રહ-કૃપા-આશિષ
સતત-સહજ તે અનુભૂતિ
તેની પ્રાપ્તિની મસ્તી
આજે છે તે શાશ્વત કરો !
સમગ્રને આપમાં એકાકાર રાખો !



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ... ભારત, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩
(સાહેબજી જે 'પરિમલ' ૨૧૨માં સોફા પર બેસી ધ્યાન-પૂજા કરતા
તે પર બેસતાં માહાત્મ્યસભરતાના વિચારે લખ્યું.)